# અક્રમ યુથ

ઓક્ટોબર ૨૦૧૭ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹20

## જગતકલ્યાણ



Dada's Youth Network

# અનુક્રમણિકા


4 શ્રેષ્ઠ આત્મકલ્યાણ કે સમાજકલ્યાણ ?

5 જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ

7 જ્ઞાનીની જગતકલ્યાણની ભાવના

8 સંત પુરુષ શ્રી જલારામ બાપા

9 સત્ પુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસ

10 જ્ઞાની પુરુષ પૂજ્ય દાદા ભગવાન

11 દાદા ભગવાન પરિવાર : વિઝન અને મૂલ્યો

17 Q & A

18 જ્ઞાની વિથ યુથ

20 અનુભવ

22 દાદાશ્રી ના પુસ્તકની ઝલક


You need to download QR Code Scanner App from Play store or iTunes Store

Visit : http://youth.dadabhagwan.org/Gallery/Akram-Youth

Download free ebook / PDF versions of all Akram Youth issues by scanning this QR code


**તંત્રી**

ડિમ્પલ મહેતા

વર્ષ: ૫, અંક : ૦૬

સળંગ અંક : ૫૪

ઓક્ટોબર ૨૦૧૭



**સંપર્ક સૂત્ર :**

જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist- Gandhinagar

**Owned by**

**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist- Gandhinagar

**Printed at : Amba Offset**
Parshvanath Chambers, Usmanpura, Ahmedabad- 38014, Gujarat, India

**Published at**

**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist- Gandhinagar

કવર પેજ સાથે કુલ ૨૪ પેજ

**લવાજમ (ગુજરાતી)**

વાર્ષિક સભ્ય

ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ

પાંચ વર્ષ

ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ

D.D/M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન' ના નામે મોકલવો.

# સંપાદકીય



પ્રિય મિત્રો,

તમે સહુએ સાંભળ્યું હશે કે ''દરેક મોટી વસ્તુની શરૂઆત નાની વસ્તુથી હોય છે'' અથવા ''હજારો માઈલની મુસાફરી એક પગલાથી શરૂ થાય છે.'' તમને ચોક્કસ નવાઈ લગતી હશે કે, હું શું કામ લાંબી મુસાફરીની અને મોટી વસ્તુઓની વાતો કરું છું.

જગત કલ્યાણ - હા... તમે બરાબર વાંચ્યું. પરમ પૂજ્ય દાદા ભગવાનની એક માત્ર સંસારી ઈચ્છા, જેના માટે તેમણે તેમનું આખું જીવન સમર્પિત કર્યું હતું, એવા જગતકલ્યાણ વિષે આ મહિને આપણે વાત કરીશું. બીજા શબ્દોમાં કહીએ તો, ''આ જગતના લોકોએ સુખ, શાંતિ અને શાશ્વત આનંદની ખોજ કરવી જોઈએ.''

મને ખબર છે, તમે સહુ વિચારશો કે અમે તો હજી નાના છીએ, અમારે શા માટે આ બધું જાણવાની કે એમાં ઊંડા ઉતરવાની જરૂર? અમે આ કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ? જે વસ્તુ અમારા માટે શક્ય ના હોય, તેના અમે માટે શા માટે વિચારીએ? એક મિનિટ, કોઈ પણ મત બાંધવામાં ઉતાવળ ન કરશો, કારણ કે મને ખાતરી છે કે આ મહિનાનો અંક વાંચ્યા પછી, તમે સહુ આખી જિંદગી આ જ સફરમાં જોડાઈ જવાનું નક્કી કરી દેશો.

તમને ખબર છે, દાદા ભગવાન અને નીરુમા એ તેમનું આખું જીવન જગતકલ્યાણ માટે સમર્પિત કરી દીધું હતું અને હવે આપણે જોઈએ છીએ, પૂજ્યશ્રી દીપકભાઈ પણ અવિરતપણે દાદા ભગવાનની આ ઈચ્છા પૂરી કરવા કાર્યરત છે! આ નિસ્વાર્થ આશયનું પરિણામ છે કે આજે પણ આપણે જયારે દાદા કે નીરુમાને યાદ કરીએ છીએ, ત્યારે આપણું હૃદય આનંદથી છલકાઈ જાય છે. જ્યારે પૂજ્યશ્રી આપણી આસપાસ હોય છે, આપણે પરમાનંદ અને શાંતિ અનુભવીએ છીએ. નિસ્વાર્થ ભાવે કરાતા
જગતકલ્યાણનો આવો પ્રભાવ હોય છે!

તો, ચાલો દાદા ભગવાનની જગતકલ્યાણની આ ઈચ્છા વિષે સમજીએ અને જાણીએ તથા તેમની આ સફરમાં જોડાઈ એક નાનું ડગલું પણ માંડી શાશ્વત આનંદ અનુભવીએ.....

- ડિમ્પલ મહેતા

# શ્રેષ્ઠ આત્મકલ્યાણ
# કે સમાજકલ્યાણ ?

રાહુલ સ્કૂલ બસમાંથી ઊતરીને દોડતો દોડતો ઘરના દરવાજે પહોંચી, જોર જોરથી બેલ વગાડવા લાગ્યો. અંદરથી સીમાબેન દરવાજો ખોલી ગુસ્સામાં બોલ્યા. ''રાહુલ, આટલી બધી ઉતાવળ હોય કંઈ...?'' ''સોરી, મમ્મી'' સીમાબેનના ગાલ ખેંચતા રાહુલ બોલ્યો.

રાહુલ ઝડપથી કપડાં બદલાવી, સોફા પર દાદાજીની પાસે આવી બેઠો. દાદાએ છાપાની ઘડી કરતાં કહ્યું, ''અરે વાહ! રાહુલ બેટા, આજે તો તું બહુ ખુશ લાગે છે.'' રાહુલે ઉત્સાહમાં કહ્યું, ''હા, દાદાજી આજે હું બહુ ખુશ છું''.

''એવી તે શેની ખુશી છે આટલી બધી?'' સીમાબેને રસોડામાંથી પૂછ્યું.

''મમ્મી, આજે અમે સ્કૂલમાંથી 'શેર એન્ડ જોય' પ્રોજેક્ટ માટે ગીતા મેમ જોડે બહાર ગયા હતાં''. રાહુલે ઉત્સાહ સાથે કહ્યું.

દાદાજીએ મૂંઝવણ સાથે પૂછ્યું ''શેર એન્ડ જોય પ્રોજેક્ટ?''

રાહુલ સમજાવતાં બોલ્યો, ''હા, 'શેર એન્ડ જોય પ્રોજેક્ટ'ની અંદર અમે લેબર



કોલોનીમાં જઇને આપણા ઘરમાંથી જે જૂની અને બિનઉપયોગી વસ્તુઓ હોય તે લેબર કોલોનીના લોકોને આપીએ છીએ અને એ જ પ્રોજેક્ટ માટે આજે લેબર કોલોનીમાં વસ્તુઓ આપવા ગયા હતાં.''

**''સાચું કહું દાદાજી! આજે મને અંદરથી ખૂબ ખુશી થાય છે અને એક અનેરો આંનદ વર્તાય છે.''** રાહુલે પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહ્યું.

દાદાજી રાહુલના ખભે હાથ મૂકતાં બોલ્યા, ''હા, બેટા! બીજાને મદદ કરી, સમાજના કલ્યાણ અર્થે જીવન જીવવું એતો બહુ ઉતમ વાત છે.

એટલી જ વારમાં સીમાબેન ડાઇનીંગ ટેબલ પર જમવાનું મૂકતાં બોલ્યા, ''ચાલો, જમવા બેસી જાઓ !જમવાનું તૈયાર છે.''

''હા, મમ્મી.'' રાહુલે કહ્યું.

''ચાલ, બેટા! આજે આ વાત પર જમીને આપણે આઈસ્ક્રીમ ખાવા જઈશું.''

''યાહુ...'' કરતાં રાહુલ દાદાજી સાથે ડાઈનીંગ ટેબલ પર ગોઠવાયો.

બીજે દિવસે રાહુલ સ્કૂલેથી છૂટી સ્કૂલબસમાં ચડતો હતો. ત્યારે તેણે જોયું કે કાલે જે લેબર કોલોનીના બાળકોને કપડાં, રમકડાં, ભણવા માટેની વસ્તુઓ આપી હતી, આજે એજ બાળકો સિગ્નલ પર ભીખ માંગતા હતાં.''

રાહુલ આ જોઈ ભાવુક થયો અને તેને ઘણાં બધાં પ્રશ્નો પણ ઊભા થયા. આ લોકોને અમે જે મદદ કરી એનાથી આ લોકોના જીવનમાં શાંતિ કે સુખ ના લાવી શક્યા? આ લોકોને મદદ કરી એ શું પૂરતી મદદ ન હતી? અને આ સમાજકલ્યાણથી પણ કંઈ ઊંચું છે?

**ચાલો, જોઈએ, આ વિશે દાદાશ્રી શું કહે છે...**

# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ




**પ્રશ્નકર્તા :** સમાજકલ્યાણ કરવા કરતાં આત્મકલ્યાણ જ શ્રેષ્ઠ છે. તો પછી અમારે શું કરવું?

**દાદાશ્રી :** બરોબર છે. પણ એ **આત્મકલ્યાણ ન થાય ત્યાં સુધી સમાજકલ્યાણ કર્યા કરવું.** આત્મકલ્યાણ તો અઘરું છે. આત્મકલ્યાણ તો કોઈ દહાડોય હોય નહીં. અનંત અવતાર ભટકે, હિમાલયમાં ભટકે, ગમે ત્યાં ભટકે, કોઈ જગ્યાએ આત્મકલ્યાણ હોય નહીં. એ બધું બહારનું ને બહારનું જ. મોટા મોટા લોકો પણ રખડી મર્યા છે ને! આ આટલા બધા ખોળખોળ કરે છે કે હું આત્મા છું, એવું જાણે છે તોય નથી થતું ને !ના થાય એ વસ્તુ. સહેલી વસ્તુ નથી. એ તો કો'ક ફેરો અક્રમ માર્ગના જ્ઞાની પુરુષ હોય, જેના અહંકાર ને બુદ્ધિ બધું ગયું હોય, ત્યાં આત્મ કલ્યાણ થાય. અને ક્રમિક માર્ગમાં જ્ઞાની હજારો વર્ષે પાકે, પણ એ પોતે દીવો બીજાને ધરે ને પોતે પાછાં આગળનો દીવો માગે. એટલે પોતાને બીજા આગળના દીવાની જરૂર પડે છે.

# જ્ઞાનીની જગતકલ્યાણની ભાવના



## દાદાશ્રી

પરમ પૂજ્ય દાદાશ્રી કેટલાય અવતારોથી એક જ ભાવના ભાવતા આવેલા કે જગતનું કલ્યાણ થાઓ અને આ ભવમાં એ એક કલ્યાણની ભાવના તો રાખવી જોઈએ ને ! એ આપણું જ કલ્યાણ છે. લોકોની કલ્યાણની ભાવના રાખો તો એ જ આપણું કલ્યાણ છે. સામાને કેમ કરીને મારાથી લાભ થાય અને એ જ્ઞાન પામે એવી મહેનત કરીએ તો એ તો આપણે આપણું જ કલ્યાણ કરીએ છીએ. ધ્યેય માટે જીવન જીવી રહેલા. 'જગતકલ્યાણનું જેનું નિયાણું નથી, તે જ્ઞાની જ નથી.'



# નીરુમા

જગતકલ્યાણ માટે કંઈ ક્રિયા કરવાની નથી, એ તો ફક્ત ભાવના જ ભાવવાની છે. એ ભાવના એટલી બધી પ્યૉર હોય કે જેમાં માન-લાલચ કશાયની ભીખ ના હોય, ત્યારે કુદરત જ તેવાને જગતકલ્યાણ માટે નિમિત્ત બનાવે. એ શ્રદ્ધાની પ્રતિમા હોય, જેમને જોતાંની સાથે જ લોકોના ભાવમાં પરિવર્તન આવવા લાગે.

# પૂજ્યશ્રી

જે પોતાનું કલ્યાણ કરે, તે બીજાનું કલ્યાણ કરે. પોતાનું કલ્યાણ થાય પછી જ ખરી જગતકલ્યાણની ભાવના મહીં થાય છે અને પોતાના કલ્યાણની શરૂઆત તો આ જ્ઞાન મળતાં, આજ્ઞા પાળતાં થઈ જાય છે. જ્યાં ક્લેશ-કષાય-વિષય નથી ત્યારથી જ કલ્યાણ સ્વરૂપના પગલાં મંડાય છે.



જગત-કલ્યાણના નિમિત્તો

# સંતપુરુષ | સતપુરુષ | જ્ઞાની પુરુષ

## શ્રી જલારામ બાપા

શ્રી જલારામ બાપાનો જન્મ ઈ.સ ૧૭૯૯ની ૧૪ મી નવેમ્બરના રોજ, ગુજરાત રાજ્યના રાજકોટ શહેરની નજીક આવેલા વીરપુર ગામમાં થયો હતો. એમની માતા રાજબાઈ પાસેથી તેમને વિનય, ધૈર્ય, બલિદાન, કર્તવ્ય અને દયા જેવા ગુણો વારસામાં મળ્યા હતાં.

સૌ પ્રથમ સન ૧૮૧૭માં ચમત્કાર થયેલો. વીરપુર પવિત્ર તીર્થ સ્થળ, ગિરનાર જવાના માર્ગમાં આવેલું હોવાથી, સામાન્ય રીતે બધા યાત્રાળુઓ અને સાધુઓ વીરપુરમાં વિરામ કરી, ખોરાક-પાણી લઇ આગળ વધતાં. સાધુઓ ગામની દુકાનોમાંથી સામાન માગી, પોતાની જાતે રાંધીને જમતાં.



સંજોગવશાત્ એક દિવસ ગામની બધી દુકાનો બંધ હતી, સિવાય કે વાલજીભાઈની કાકાની દુકાનનો વેપાર જલારામબાપા સંભાળતા હોવાથી ત્યારે એ દુકાન પર બેઠા હતા. બીજી દુકાનો બંધ હોવાથી બધા સાધુઓ, પંડિતો, તપસ્વીઓ અને ભિક્ષુકો વાલજીભાઈની દુકાને જવા લાગ્યાં. આટલા બધા સાધુઓને જોઇને પ્રફુલ્લિત થઈને, બાપા બધાને જરૂરી ચીજવસ્તુઓ જેવી કે, દાળ, ચોખા, ઘી, ગોળ, લોટ વગેરે આપવા લાગ્યા. અમુક સાધુઓના પહેરણ ફાટેલા હોવાથી એમને કાપડ પણ આપ્યું. જેણે જે માગ્યું એ બાપા એ આપ્યું અને ભવિષ્યમાં મારું શું થશે એવો વિચાર પણ ન કર્યો. માત્ર જરૂરતમંદની જરૂરિયાત પૂરી કરવાનો ઈરાદો રાખ્યો.

બાપાના સદ્ગુણોના કારણે એમના કાકા એમના બહુ વખાણ કરતા, જે ગામના અમુક લોકો માટે ઈર્ષા કરવાનું કારણ બનતું. આવા લોકોએ બાપાએ કરેલા દાન વિષે વાલજીભાઈની કાન ભંભેરણી કરી. ગુસ્સે થઈને કાકા દુકાન પર ગયા અને ધમકી આપતાં બાપાને કહ્યું કે, એમને દુકાનના માલની ચકાસણી કરવી છે. કાકાના ક્રોધમાંથી બચવા માટે જલારામ બાપાએ પ્રભુને પ્રાર્થના કરી. કાકાશ્રીએ ગુણો ચકાસી તો ખબર પડી કે બધી ગુણોમાં માલ બરાબર હતો, ઓછો નો'તો થયો. કાપડ પણ ઓછું નો'તું થયું. આ જોઈને કાકા વિસ્મય પામી ગયા અને જલારામને બિરદાવ્યા.

**આવો ચમત્કાર કેવી રીતે થયો હશે? કદાચ એટલા માટે કે, બાપા દરેક કાર્યને કરતી વખતે મનમાં ''ઈશ્વરાર્પણમ્'' બોલીને, કાર્ય ઈશ્વરને અર્પણ કરતા.** આ ઘટના પછી, બાપાએ અનુમાન કર્યું હશે કે પરમકૃપાળુ પરમાત્મા એમની રક્ષા કરે છે અને પોતાના દરેક સદ્કાર્યમાં એમના આશીર્વાદ છે. આ અનુભવ પછી, બાપાની સંસાર ત્યાગની, પ્રભુ સાક્ષાત્કારની અને સેવા-પરોપકારની ભાવના પ્રબળ બની.

જગત-કલ્યાણના નિમિત્તો

# સંતપુરુષ | સતપુરુષ | જ્ઞાની પુરુષ

## શ્રી રામકૃષ્ણ પરમહંસ



શ્રી રામકૃષ્ણ પરમહંસ ઓગણીસમી સદીના સૌથી વધુ પ્રસિદ્ધિ પામેલા ધર્મગુરુ અને યોગી હતા. એમણે ધર્મ અને અધ્યાત્મના ગહન અને જટિલ સિદ્ધાંતો સાદી અને સરળ ભાષામાં સમજી શકાય એ રીતે વર્ણવ્યા. સન ૧૮૩૬માં પશ્ચિમ બંગાળના ગામડામાં જન્મેલા શ્રી રામકૃષ્ણ હંમેશાં પ્રભુની, ભક્તિમાં લીન રહેતા. સાવ સામાન્ય વ્યક્તિ જેવા દેખાતા, ક્યારેક બાળક સહજ જિજ્ઞાસા ધરાવતા રામકૃષ્ણ પરમહંસે, આધ્યાત્મિક તત્વજ્ઞાનની ઊંડી અને અઘરી વાતો, સરળ વાર્તાઓ, ટુચકાઓ અને કહેવતો દ્વારા અંદર ઊતરી જાય એવી રીતે સમજાવતા. એમણે આખું જીવન ભગવાનને વિવિધ રૂપે ભજવામાં અને શોધવામાં ગાળ્યું. એમની દ્રઢ શ્રદ્ધા હતી કે, પરમાત્મા દરેક જીવમાં બિરાજે છે.

શ્રી વિવેકાનંદની જેમ દીક્ષા લઈને સંસારનો ત્યાગ કરનારા, શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્યોનું, રામકૃષ્ણ મઠની સ્થાપના કરવામાં અને એમની શાખ હિન્દુસ્તાનમાં જ નહિ પણ વિશ્વમાં ફેલાવવામાં ઘણું મોટું યોગદાન રહ્યું છે. એમણે રામકૃષ્ણની જેમ લોકોની સેવા કરવાની દ્રષ્ટિ અપનાવી અને લોકો સુધી પહોંચાડી.

આ પરમહંસના હૃદયમાં એક જ ભાવ રહેતો કે, મનુષ્ય જાતિ, આ જીવનના અંતિમ ધ્યેયને-મોક્ષને પ્રાપ્ત કરવામાં પ્રગતિ સાધે. એમણે કહ્યું હતું, **'દરેક જીવનો અંતિમ ધ્યેય પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે.'**

જગત-કલ્યાણના નિમિત્તો

# સંતપુરુષ | સતપુરુષ | જ્ઞાની પુરુષ

## પૂજ્ય દાદા ભગવાન



એક વખત દાદાને સૂરતમાં કોઈ ગામડામાં પગલા કરવા લઇ ગયા હતા. તે દિવસોમાં તો એસીવાળી ગાડીઓ નો'તી, ધૂળને બધું બહુ ઊડે. દાદાને અસ્થમાનો પ્રોબ્લેમ હતો. એટલે ફેફસાંમાં ધૂળ પેસવાને કારણે ઉધરસ આવ્યા કરે ને શ્વાસ લેવાય નહિ. પછી તો થોડીવારમાં આખું શરીર બ્લુ થઇ ગયું. તે જ દિવસે સૂરતમાં સત્સંગ હતો, અને બીજે દિવસે જ્ઞાનવિધિ હતી. તબિયત બગડેલી જોઈને નીરુમા એ દાદાને કહ્યું કે ''સત્સંગ બંધ રાખીએ. આવી તબિયતમાં કેમનું થશે?''તો દાદાએ એવી કરુણાથી કહ્યું કે, ''ક્યાં ક્યાંથી લોકો આવ્યા હોય. તેનો ક્યારે ટાઇમ પાકશે? બિચારાને જ્ઞાન લઇ લેવા દો ને. આ શરીરને તો કંઈ નથી થવાનું. કેટલા અંતરાય તૂટ્યા છે, ત્યારે તે લોકો અહીં પામવા આવ્યા છે. આ દરિયામાં એક વસ્તુ જડી હોય, અને એ પાછી ભેગી થાય તેનો ભરોસો નહિ. અમે ના પાડીશું તો તે ચૂકશે, અને ફરી ક્યારે ભેગા થશે.'' આમ શ્વાસ લેવામાં તકલીફ પડે એવી તબિયતમાં દાદાએ જ્ઞાનવિધિ આપી. એમની અદ્‌ભુત કંઈક વિશેષતા કે તેઓ દેહથી જુદા જ હતા. જ્યારે જ્ઞાનવિધિ શરૂ થઈ, ત્યારે શરીર નોર્મલ હતું. પૂરી થઈ ત્યારે માંદગી તેમની પાછી દેખાઈ. વચ્ચે બે-અઢી કલાક નોર્મલ સ્થિતિ હોય. એમણે નિશ્ચય કર્યો હોય તેમાં ફેરફાર થાય નહીં. જગત કલ્યાણની ભાવના કેટલી પ્રબળ કે એમના શરીરને ગમે તે થાય, તો પણ ધ્યેય પ્રમાણે ચાલે.

**અહો! કેવી જ્ઞાનીની કલ્યાણની ભાવના કે એ સિવાય બીજી કંઈ પડી જ ના હોય.**

# દાદાઈ વિઝન

''જગત આખાના જીવો પરમશાંતિને પામો અને કેટલાક મોક્ષ ને પામો.''

-દાદા ભગવાન



કળિયુગનો સૂરજ જ્યાં મધ્યાહને તપી રહ્યો છે. જ્યાં જગત આખું ભ્રષ્ટાચાર, દુરાચાર, કુસંગ રૂપી દાવાનળમાં બળી રહ્યું છે. એવા દુષમકાળમાં જગતને આમાંથી તારવા માટે સર્જાયું અગિયારમું આશ્ચર્ય અને પ્રગટ થયા એ.એમ.પટેલ મહીં 'દાદા ભગવાન' જેમની એક જ ભાવના ''જે સુખ હું પામ્યો, તે આખું જગત પામે.'' એજ ભાવનાનું બીજ આજે વટવૃક્ષ થઇને જગતને શાંતિ આપવા માટે કાર્ય કરી રહ્યું છે. આ વટવૃક્ષ એટલે ''દાદા ભગવાન ફાઉન્ડેશન'' જેનું એક જ ધ્યેય ''જગત આખાના જીવો પરમશાંતિને પામો અને કેટલાક મોક્ષ ને પામો.'' આ ધ્યેય અને જગતકલ્યાણના ભાવથી અહીં દરેક સેવાર્થીઓ કાર્ય કરી રહ્યા છે.

# પ્યોરીટી

દાદા જોડે નીરુમાને સત્સંગ પ્રવાસે જવાનું થતું હતું. નીરુમાને દાદાએ પૈસાની પ્યોરીટી માટે ચેતવ્યા હતા. ત્યારથી નીરુમા હંમેશાં ડોનેશનના પૈસા પોતાના કામમાં ના વપરાય તેનું ધ્યાન રાખતા. નીરુમા હંમેશાં પોતાના પૈસે સત્સંગ પ્રવાસ કરતા. તેમણે ક્યારેય પણ ડોનેશનનો ઉપયોગ પોતાના અંગત જીવનમાં કર્યો ન હતો. અડાલજમાં મંદિર બન્યા બાદ નીરુમાની ઈચ્છા હતી કે બધા મહાત્મા જોડે ત્યાં રહે. શરૂઆતમાં એક બંગલામાં રેહતા હતા. ત્યારબાદ નીરુમા વાત્સલ્યમાં પૂજયશ્રી અને એક આપ્તપુત્રભાઈ જોડે રેહતા. એક દિવસ અચાનક પેલા આપ્તપુત્ર ભાઈને બોલાવ્યા અને ''વાત્સલ્ય''ના બાંધકામના ખર્ચમાં પોતાનો ભાગ આપ્યો. આ પછી મુંબઈ સત્સંગ પ્રવાસ દરમિયાન આ ભાઈએ પ્રશ્ન પૂછ્યો કે ''તમને ભૌતિક વસ્તુઓ માટે કેવું રહે ?'' ત્યારે નીરુમા એ કહ્યું કે **''મને હંમેશાં અંદર એવું જ ચાલ્યા કરે કે આ ભરતક્ષેત્રની કોઈ પણ વિનાશી ચીજ મારે જોઈએ નહિ.''**

# કષાયરહિત આદર્શ વ્યવહાર

પોતાની ગરજે મોક્ષે જેને જવું છે, એ આદર્શ ઉદાહરણ ચોપડામાં જોવું હોય તો શ્રીમદ્ રાજચંદ્રને જુઓ અને પ્રત્યક્ષ જોવું હોય તો આ દીપકભાઈને જુઓ. પોતાની ગરજે. સહેજે ખોટ ના ખાય ક્યાંય ? સંકોચાય ને જરાપણ વિશેષતામાં આવ્યા વગર. ક્યાંય પણ હોય તો પોતાની જ અંદર દ્રષ્ટિ, પોતાની અંદર જ જુએ, મારી **ક્યાં ભૂલ થાય છે? ત્યા જ એની દ્રષ્ટિ હોય,** બહાર ક્યાંય દ્રષ્ટિ ના હોય. આખું જગત નિર્દોષ રીતસરનું દેખાય. - **નીરુમા**

વિઝન સ્ટેટમેન્ટ :

૧.૧.૨૦૧૩

જગત પરમ શાંતિને પામો અને કેટલાક મોક્ષને પામો.

- દાદા ભગવાન.

## આધીનતા, પ્રત્યક્ષ જ્ઞાનીની

પૂજયશ્રી અને નીરુમાનું દાદાની વાણી સંકલિત કરી આપ્તવાણી બનાવવાનું કામ ચાલુ હતું .એ દરમિયાન એક દિવસ નીરુમા વડોદરા જવાના હતા. પૂજયશ્રી વાત્સલ્યમાં વાણીનું કામ કરતા હતા, ત્યારે નીરુમાએ પૂજયશ્રી ને કહ્યું કે ''દીપક તું શું કરે છે ચાલ, મારી સાથે વડોદરા.'' તો પૂજયશ્રીએ તરત જ વડોદરા જવા માટે તેમની બેગ તૈયાર કરી અને ગાડીમાં બેસી ગયા. એટલામાં નીરુમાને વાણીનું કંઈક અર્જન્ટ કામ યાદ આવ્યું. એમને પૂજયશ્રીને ખખડાવતા કહ્યું ''આ કામ કોણ કરશે? તું અહીં જ રહી કામ પતાવ.'' પૂજયશ્રી તો તરત જ બેગ લઇને નીચે ઊતર્યા અને વાણીના કામમાં લાગી ગયા. **અહો ! કેવી આધીનતા જ્ઞાનીની એક શબ્દ પણ દલીલ કર્યા વગર અને પરમ વિનય ચૂક્યા વગર જ્ઞાનીની આજ્ઞા એ જ ધર્મ.**

## અકર્તાપદ

દાદાજીના દેહવિલય પછી નીરુમાને જગતકલ્યાણની ભાવના ખૂબ રહેતી હતી. તેથી નીરુમા એકલા સત્સંગ કરવા નીકળી પડ્યા. ગામે ગામના લોકો દાદાને ઓળખે એ હેતુથી ફરતા રહે. નીરુમા ને હંમેશાં એમ રહેતું કે આવા જ્ઞાની થયા. જેમને જગતમાં પણ બહુ ઓછા ઓળખી શક્યા તો કઈ રીતે આવા જ્ઞાનીની ઓળખાણ થાય અને કેમ કરીને બધા જ્ઞાનના માર્ગે વધે એ જ ભાવના રહેતી. દાદાની દરેક ભાવના એમણે પૂરી કરી. ત્રિમંદિર, સીમંધર સીટી, નિરાંત, ગુરુકુળ, બેંક. આમ બધી જ દાદાઈ ડીઝાઇન ખુલ્લી કરી. નીરુમા એ દાદાને ૧૪ આપ્તવાણીઓ પ્રકાશિત કરવાનું પ્રોમિસ આપ્યું હતું. જે તેમને અવિરંત પળે ચાલુ રાખ્યું. આમ તેમણે ઘણાં જ જગતકલ્યાણના કાર્યો કર્યા તેમ છતાં **નીરુમા આ બધું દાદાજીની કૃપા, દાદાના યોગબળથી થાય છે, દેવ-દેવીઓની સહાય અને વ્યવસ્થિતથી થાય છે.** આમ ક્યારેય યશ લીધો ન હતો, ક્યારેય કર્તાપદમાં આવ્યા ન હતા.

મૂલ્યો:

- ઓથોરિટી.
- આગ્રહરહિત વ્યવહાર.
- અકર્તાભાવ
- આધીનતા, પ્રત્યક્ષ જ્ઞાનીની.

# ત્રિમંદિર



દેરાસર છેવટે અમારે ફરજિયાત બાંધવું પડ્યું, બધા લોકો દર્શન કરીને જાય. એનાથી આ લોકોનો મતાર્થ બધો જતો રહેશે. આ મતાર્થ કાઢવા માટે છે. લોકો આત્માર્થને બદલે મતાર્થમાં પડ્યા છે. એ મતાર્થ નીકળી જાય એટલે આત્માર્થમાં આવી જાય.

- દાદાશ્રી

# સીમંધર સીટી



જોજો ને એ કોલોનીમાં છાપરાવાળા મકાનો હશે અને લોકોને ગમે એવું કારણકે બીજા દેશમાંથી બહારના લોકો અહીં આવવાના જોવા કે કોલોની કેવી છે? અને એવી સરસ ચોખ્ખી બનાવવાની જાણે નાનું અમેરિકા હોય એવું લાગે.

- દાદાશ્રી

# જ્ઞાની પુરુષની વાણી

# આપ્તવાણી



આ કાળની આ મોટામાં મોટી અજાયબી છે ! લોકો તો અમેરિકામાં આફરીન થઈ ગયા આ આપ્તવાણી વાંચીને. જગતને માટે બહુ કલ્યાણકારી છે ને ! જગતને માટે હિતકારી છે ને ! આખા જગતનો કાટ કાઢી નાખે એવી વાણી છે આ. નિરંતર, સવારે દાતણ કરતી વખતેય આ (ટેપ) મૂકવામાં આવે છે. એક શબ્દ બોલે એ છોડતા નથી આ લોકો. અને પછી પુસ્તકો છપાય એના. આ વાંચશે તો કલ્યાણ થઈ જાય. આ વાણી વાંચતા જ દિલ ઠરી જાય.

**- દાદાશ્રી**

## સ્કૂલ અને કૉલેજ



આપણે અક્રમ વિજ્ઞાનના કોર્સની એક કૉલેજ કાઢો. ત્યાં બાર મહિનામાં આખો કોર્સ પૂરો થઈ જશે. જોડે જોડે આપ્તસૂત્રનો વચ્ચે એક કલાક રાખો. આપણે જે પામ્યા એ બીજા પામો. એ આપણી ઇચ્છા, એ હજુ આપણે ભવ કાઢવાના છે એકાદ-બે. ત્યાં હેલ્પ કરશે, એ ભાવો હેલ્પિંગ છેને ?

**- દાદાશ્રી**



## જ્ઞાનીઓની વંશાવળી

અમે અમારી પાછળ જ્ઞાનીઓની વંશાવળી મૂકી જઈશું. અમારા વારસદાર મૂકતા જઈશું ! અને ત્યાર પછી જ્ઞાનીઓની લિંક ચાલુ રહેશે. માટે સજીવન મૂર્તિને ખોળજો ! એના વગર ઉકેલ આવે તેમ નથી.

**- દાદાશ્રી**



## જગતકલ્યાણી સેના

આ બ્રહ્મચારીઓ તૈયાર થાય છે ને આ બ્રહ્મચારિણીઓ ય તૈયાર થાય છે. એમના મોઢાં ઉપર નૂર આવશે. હે ય ! સિંહનું બાળક બેઠેલું હોય એવું લાગે. ત્યારે જાણીએ કે ના, કંઈક છે ! વીતરાગ વિજ્ઞાન કેવું છે કે જો પચ્યું તો સિંહણનું દૂધ પચ્યા બરાબર છે, તો સિંહના બાળક જેવો એ લાગે, નહીં તો બકરી જેવું દેખાય !!!

જેણે જગત કલ્યાણના નિમિત્ત બનવાનો ભેખ લીધો છે, એને જગતમાં કોણ આંતરી શકે ? કોઈ શક્તિ નથી કે એને આંતરી શકે. આખા બ્રહ્માંડના સર્વ દેવલોકો એના પર ફૂલ વરસાવી રહ્યાં છે. એટલે એ એક ધ્યેય નક્કી કરો ને ! જ્યારથી આ નક્કી કરો ત્યારથી જ આ શરીરની જરૂરિયાતની ચિંતા કરવાની રહેતી નથી.

**- દાદાશ્રી**




**પ્રશ્નકર્તા:** જગતકલ્યાણ કરવાથી શું ફાયદા થાય? સેવા વ્યવહારમાં કઈ રીતે હેલ્પ કરે?

**આપ્તપુત્ર:** આપણે જયારે સેવા કરતાં હોઈએ છીએ ત્યારે બીજા સેવાર્થીઓ અને બીજા સેવાના વિભાગો સાથે સંપર્કમાં આવીએ છીએ. ઘણી બધી જગ્યાએ એકબીજાને અનુકૂળ થઈને નિર્ણયો લેવાના હોય છે. નિર્ણયો લેતી વખતે ઘણી બાબતો ધ્યાનમાં રાખવી પડતી હોય છે. જેથી આપણી સૂઝ ખીલે છે અને વિઝન પણ વિકસે છે. ઘર કે ઑફિસમાં આપણા વ્યવસાયમાં આપણે અનુકૂળ વાતાવરણમાં હોઈએ છીએ. જયારે સેવામાં તો ઠંડી-ગરમી- વરસાદ બધા જ સંજોગો ધ્યાનમાં લેવા પડે છે. દા.ત. શિયાળા કે ઉનાળામાં ખુલ્લી જગ્યામાં સત્સંગનું આયોજન કરી શકીએ જયારે ચોમાસામાં હોલમાં સત્સંગ કરવો પડે વગેરે. કેટલીયે બાબતો સેવામાં ધ્યાનમાં લેવામાં આવતી હોવાથી વિઝન પણ વિકસે છે.

સેવામાં ઘણી જાતની પ્રકૃતિના લોકો સાથે વ્યવહાર આવે છે. જેથી દરેક પ્રકૃતિને અનુકૂળ થવાથી આપણી શક્તિઓ વધે છે જે આપણે દરેક જગ્યાએ વ્યવહારમાં ઉપયોગી થાય છે.**આમ સેવામાં આપણી સૂઝ, વિઝન, ખીલે છે અને દરેક સંજોગ કે વ્યક્તિને અનુકૂળ થવાની આપણી શક્તિ વધે છે**. વ્યવહારમાં આપણે ફ્લેક્સીબલ થઈએ છીએ જેના કારણે આપણે કષાયરહિત વ્યવહાર કરી શકીએ છીએ જયારે બીજા નાની નાની બાબતોમાં ગૂંચાઈ જાય છે અને કષાય કરે છે.

આ રીતે આપણો વ્યવહાર કષાય રહિત થાય છે. નોકરી કે ધંધામાં આપણી સૂઝ ખીલે છે.બીજા સાથે એડજસ્ટ થઈ સારો વ્યવહાર કરી શકીએ છીએ.

# જ્ઞાની વિથ યુથ




**પ્રશ્નકર્તા :** એકવાર દાદાની વાણીમાં સાંભળ્યું હતું કે જગતકલ્યાણ ક્યારે થાય? પોતે કલ્યાણ સ્વરૂપ થયો હોય અથવા પોતાનું કલ્યાણ કર્યું હોય ત્યારે અને બીજીબાજુ એવું પણ સાંભળ્યું કે બીજાનું કલ્યાણ કરતાં કરતાં પોતાનું કલ્યાણ થઈ જ જાય, તો એ સમજાવો.

**પૂજ્યશ્રી :** એટલે બેઉ સાચી વાત છે. પહેલાં તો ''હું શુદ્ધાત્મા છું'' એવું ભાન થાય, ચંદુભાઈ જુદો છે ''હું શુદ્ધાત્મા છું.'' પાંચ આજ્ઞામાં રહીએ એટલે આપણું કલ્યાણ શરૂ થાય અને પોતે છૂટ્યો હોય તો બીજા છૂટે એવી ભાવના થાય. આપણા મન-વચન-કાયા દાદાના જગતકલ્યાણમાં વાપરીએ, પારકાના સુખને માટે વહેતા મૂકીએ તો પછી આપણા કલ્યાણની શરૂઆત થઈ છે, તે પૂર્ણાહૂતિ થશે. આપણું સો ટકા કલ્યાણ થયા પછી લોકોના કલ્યાણની શરૂઆત કરીશું એવું નહીં બને. નિયમ જ છે કે થોડી શરૂઆત થઈ એટલે મન-વચન-કાયાથી તમે જુદા પડ્યા છો, તો મન-વચન-કાયા લોકોના કલ્યાણ માટે વહેતા મૂકો. **દાદાના જગતકલ્યાણના પ્રોજેક્ટમાં ક્યાંક સેવા આપો, એ સેવા આપતાં આપતાં એનું એન્ડ રીઝલ્ટ લોકોને સુખ શાંતિ થશે, મોક્ષ માર્ગમાં કંઈક ડગલું માંડવાનું કંઈક રસ્તો મળશે અને લોકોનું કલ્યાણ કરતાં કરતાં આપણી પૂર્ણાહૂતિ થશે.** આપણે કષાયરહિત સેવા કરોને, કષાય ખાલી કરવા એજ મોક્ષમાર્ગ. પાંચ ઈન્દ્રિયોના સુખોના મોહમાંથી નીકળવું અને રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, અહંકાર, મમતા, કષાયમાંથી નીકળવું અને આત્મા તરફ જવું એજ મોક્ષમાર્ગ. એ



લોકોનું કરતાં કરતાં આપણું ચોક્કસ થશે.

પ્રશ્નકર્તા:જગત કલ્યાણ કરવું એ રીલેટીવ છે, તો એ રીયલને કેટલું ફાયદાકારક થાય?

પૂજ્યશ્રી: એ રીલેટીવ કેવું કે આ રીયલ તરફ લઈ જનારુ રીલેટીવ છે, રીયલ રીલેટીવ કહેવાય. આનો હેતુ શું છે? આત્માનું આવરણ તૂટશે અને સામાના આત્માના કલ્યાણ માટે છે, એટલે એ રીયલ રીલેટીવ કહેવાય છે. એ બધું રીલેટીવ કહેવાય પણ. હેતુ કયો છે? રીયલ તરફ આવે તો જ આ દુઃખોનો અંત આવશે, મનુષ્ય માત્રનો. આ બીજાને સુખ આપવા માટે દુઃખ આપવામાંથી અટકો છો એ બહુ મોટું કલ્યાણનું કામ શરૂ થયું કહેવાશે. છેલ્લી વાત તો **નીરુમાએ અલ્ટીમેટ અપેક્ષાએ કહ્યુ છે કે આ ગમે તેટલું કલ્યાણનું કામ કરતાં હોય અને મોક્ષનું વિમાન આવે ને તો મારી સહી મોક્ષ માટે હશે.** આ જગત કલ્યાણનું કામ તો પછી બીજું કો'ક કરશે. પછી બીજી બાજુ છેલ્લા શ્વાસ સુધી કલ્યાણનું કામ કર્યું, છેલ્લે ડોક્ટરને પણ જ્ઞાન આપ્યું. આ તો દેહનો હિસાબ પૂરો થાય ત્યાં સુધી દેહમાં રહેવું જ પડે, પણ એ દેહમાં સુખ-દુઃખ પડે એમાં ક્યાંય નહોતા દેહની હાજરીમાં પોતે સામાનું કલ્યાણ જ કર્યું છે એટલે એ કરવા જેવું છે. છેલ્લા શ્વાસ સુધી કલ્યાણના કામમાંથી કોઈ અટકાવી શક્યું નથી.

# અનુભવ

ડિસેમ્બર ૨૦૦૨ની આ વાત છે. ૨૦૦૨ માં અડાલજ ત્રિમંદિરનું બાંધકામ તીવ્ર ગતિથી ચાલી રહ્યું હતું. જેનું ખાતમુહૂર્ત ૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજ થયું હતું. મંદિર ખૂબ જ વિશાળ બનાવવાનું હતું. મંદિરની નીચે ૩૦,૦૦૦ ચો.ફૂટનો વિશાળ હોલ અને ઉપર વિશાળ પોડિયમ સાથે મંદિર બનાવવાનું હતું. વિશાળ હોલમાં વચ્ચે એક પણ પિ'લર ન હતો. પરંતુ જાન્યુ ૨૦૦૧ના ભૂકંપના કારણે થોડી ડિઝાઈન બદલવી પડી. કારણ કે ભૂકંપ જેવી આપત્તિમાં સલામતી રહે તે કારણોસર હોલમાં બે પિ'લર રાખવામાં આવ્યા. જેના કારણે મંદિર બનાવવામાં વિલંબ થયો.

આ બાજુ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા વિદેશથી ઘણાજ મહાત્માઓ આવવાના હોવાથી અને તે મહાત્માઓને માટે ડિસેમ્બર એન્ડમાં નાતલના વેકેશનમાં રજાઓ મળે, તે બધાજ સંજોગોને ધ્યાનમાં લઈ પ્રાણપ્રતિષ્ઠા દિવસ ૨૭ ડિસેમ્બર ૨૦૦૨ નક્કી કરવામાં આવ્યો અને ખૂબ જ સમય પહેલાં તે જાહેર પણ કરી દેવામાં આવ્યો. જેથી બધાને મહોત્સવમાં આવવા માટે પ્લાનીંગ કરવામાં સરળતા રહે.

આ બાજુ શિયાળાની ઠંડી અને ખૂબ જ ઠંડો સૂસવાટો બોલાવતા પવનને કારણે કામ ધીમું પડી ગયું હતું. જેથી મંદિરના શિખરોનું કામ ખૂબજ બાકી હતું. નવેમ્બર મહિનામાં દિવાળીના કારણે પણ મજૂરો પૂરતા ન મળે. ડિસેમ્બરમાં પ્રાણપ્રતિષ્ઠા નક્કી જ હતી, તેમાં કોઈ ફેરફાર શક્ય ન હતો કારણ કે ફોરેનના મહાત્માઓએ પોતાની રજાનું પ્લાનીંગનું કરી લીધું હતું. એટલે ડિસેમ્બરમાં પ્રતિષ્ઠા પહેલાં શિખરો પૂર્ણ કરવા પણ જરૂરી હતાં. જે કામ લગભગ ૩ મહિનાનું હતું.

આ વાતની જાણ પૂ. નીરુમાને થઈ. તેમણે ખૂબ જ પો'ઝિટિવીટીથી કહ્યું કે, ''મજૂરો ને રાત્રે પણ બોલાવો. તેમને રાત્રે ઠંડીમાં ગરમ નાસ્તો અને ચા આપો.'' તે પ્રમાણે રાત્રે ગરમ નાસ્તો અને ચા આપવાનું શરૂ કરતાં બીજા મજૂરો પણ ઘણા વધી ગયા અને પૂ. દાદા અને દેવ-દેવીઓના આશીર્વાદથી જે કામ લોકોને અશક્ય લાગતું હતું તે શક્ય થયું. શિખરો ટાઈમસર પૂર્ણ થયા અને પ્રાણપ્રતિષ્ઠા પણ ટાઈમસર દિવ્ય અને ભવ્ય રીતે ઉજવવામાં આવી.

**- કન્સ્ટ્રક્શન ટીમ**



‘‘દેવ દેવીઓ
જગત-કલ્યાણ માટે
સહાય કરે’’

# દાદાશ્રી ના પુસ્તકની ઝલક




ડિસેમ્બર
1999

Download free ebook version of
above book by scanning this QR code
Visit : https://goo.gl/rhn9Dw

## જગતનું કલ્યાણ થવું જ જોઈએ !

આ વિજ્ઞાન બહાર પડે ને, તો રાગે પડી જશે બધું. પબ્લિક તો બિચારી જ્યાં દોરો ત્યાં જાય એવી છે. એમને સાચા-ખોટાની પરીક્ષા જ નથી. એમને તો પૈસાની જ કિંમત. માટે એક વાર બધું સમજી લો કે આ હકીકત શું છે, વાસ્તવિકતા શું છે !

**પ્રશ્નકર્તા :** આ બધું જાણવું છે.

**દાદાશ્રી :** પણ એને માટે ટાઈમ લેવો પડે. હા, અને આ તો બહુ વખત તમે આવોને, ત્યારે આ બધું જાણવાનું મળે. આ વર્લ્ડના કલ્યાણ માટે ઊભું થયેલું નિમિત્ત છે. સત્તાવીસ વર્ષથી અવિરત કામ કર્યા કરું છું. તે રોજ કેટલા કલાકનું વર્ક હશે મારે ? સોળ કલાક ! એમાં એકુંય રજા સિવાય. રજા જ ના હોય. સાડા છ વાગે સર્વિસ શરૂ થઈ જાય, તે રાતના સાડા અગિયારે બંધ થાય. વચ્ચે બે-ત્રણ કલાક આરામ મળે. બોલો હવે, આ જગતનું આવરણ ખસવું જોઈએ, જવું જ જોઈએ.

**'અમારી' એ જ ભાવના છે કે ભલે એક અવતાર મોડું થશે તો વાંધો નથી, પણ આ 'વિજ્ઞાન' ફેલાવવું જોઈએ. 'વિજ્ઞાન'નો લોકોને લાભ થવો જોઈએ.** જગત આખું શક્કરિયાં ભરહાડમાં મૂકે એમ બફાઈ રહ્યું છે ! ફોરેનવાળા ય બફાઈ રહ્યાં છે ને અહીંવાળા ય બફાઈ રહ્યા છે. અરે, હવે તો શક્કરિયાં સળગવા હઉ માંડ્યા !!

## ભાવના ભાવવી જગતકલ્યાણની !

**પ્રશ્નકર્તા :** આપણી જે જગતકલ્યાણની ભાવના છે, એમાં પુણ્ય કેટલું વપરાય ? અગર તો એ જ ભાવના એકલી હોય જીવનની અંદર તો ?

**દાદાશ્રી :** હા. તે એ ભાવનાનું ફળ તમને બહુ મોટું મળશે. આપણે એનું ફળ શું મળશે એ જ જોવાનું. **એ તો તીર્થંકરોએ શું કર્યું કે જગતકલ્યાણની જે ભાવના ભાવેલી બસ ! એનું ફળ શું મળ્યું કે આ તીર્થંકર થાય.** જ્યાં પગ પડે ત્યાં તીર્થ કહેવાય. એવું, હું એ જ ભાવના કરું છું, તમારી એ જ ભાવના છે તે ભાવના ફળશે.

**પ્રશ્નકર્તા :** આપ્તવાણીમાં લખ્યું છે કે એ ભાવના હશે તો તમને બધું જ મળી રહે વગર માગ્યે.

**દાદાશ્રી :** હા, આપણે આ જ ભાવના ભાવીએ તો આપણું સારું થાય જ. અને જોડે જોડે આવતે ભવ આપણું જે થવાનું હોય, એમાં કોઈ હાથ ના ઘાલે, ડખલો ના આવે. આટલું સમજી ગયા ને, એનું કલ્યાણ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તીર્થંકર બનવા માટે આ કાળમાં કેવા ગુણની જરૂર પડે ?

**દાદાશ્રી :** નિરંતર જગતકલ્યાણની ભાવના, બીજી કોઈ જ ભાવના ના હોય. ખાવાનું જે મળે, સૂવાનું જે મળે, જમીન પર સૂવાનું મળે તો ય પણ નિરંતર ભાવના શી હોય ? જગતનું કેમ કરીને કલ્યાણ થાય. હવે એ ભાવના ઉત્પન્ન કોને થાય ? પોતાનું કલ્યાણ થઈ ગયું હોય, તેને એ ભાવના ઉત્પન્ન થાય. પોતાનું કલ્યાણ થયેલું ના હોય એ જગતનું કલ્યાણ શી રીતે કરે ? ભાવના ભાવે તો થાય. જેને કેવળ જગતકલ્યાણ કરવાની જ ભાવના રહેતી હોય અને સંસારનો કોઈ મોહ ના રહ્યો હોય, બધું 'ડ્રામેટિક' કરતો હોય, તે 'તીર્થંકર ગોત્ર' બાંધે ! તીર્થંકરોને આગલા અવતારમાં જ્ઞાન થયા પછી છેલ્લો ભાવ ઉત્પન્ન થાય છે, જગતકલ્યાણ કરવાનો. પોતાનું કલ્યાણ થઇ ગયું, હવે બીજાનું કેમ કરીને કલ્યાણ થાય એવા ભાવ ઉત્પન્ન થાય છે. તેના ભાવ સ્વરૂપે એ ભાવાત્મા તેવો થાય છે. પહેલો ભાવાત્મા તીર્થંકર થાય છે. પછી દ્રવ્યાત્મા તીર્થંકર થાય છે. એ ય નિર્વિકલ્પનું ફળ નથી, વિકલ્પનું ફળ છે, ભાવનું ફળ છે.

ઓક્ટોબર ૨૦૧૭
વર્ષ: ૫, અંક : ૦૬
સળંગ અંક : ૫૪
અક્રમ યુથ

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No. CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month




૧ થી ૮ નવેમ્બર ૨૦૧૭
દરરોજ સાંજે ૫ થી ૧૦

પ્રવેશ વિના મૂલ્યે

પરમ પૂજ્ય
દાદા ભગવાનનો
૧૧૦મો
જન્મજયંતી
મહોત્સવ
૧ થી ૮
નવે. ૨૦૧૭

ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ, રાજકોટ. ૯૪૨૬૨ ૬૭૩૬૫

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org

Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, Basement, Parshvanath Chambers, Usmanpura, Ahmedabad-38014

Dada's Youth Network